# હોકાની ફરીયાદ

(કુંડળીઆ.)

સરવે સોખીલા હરીજનોને માટે

છપાવી પ્રસિદ્ધ કરનાર,

## સાકરલાલ બુલાખીદાસ

બુકસેલર—રીચીરોડ અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૩૦૦૦.

ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ.—અમદાવાદ.

સને ૧૯૦૩. સંવત ૧૯૫૯

કીંમત [illegible] આનો.

# હોકાની ફરીયાદ.

અથ શ્રી કુંડળીઆ લખ્યાં છે.

મેર કરો મુજ ઉપરે, મદન મોહન મહારાજ; કુંડળીઆ કરવા તણો, આરંભ માંડુ આજ. આરંભ માંડુ આજ, બુદ્ધિતો રૂડી આપો; બળીયા છો બળવીર, કરમના બંધન કાપો, કહેકવી અમરચંદ, નથી કોઇ ઊપર વેર; મદન મોહન મહારાજ, કરો મુજ ઊપર મેર. ૧ મદન મોહન મહારાજ કે, જે નીત દરશન જાય; અધમ મનુષ્ય તેહી ઓધરે, પાપી પાવન થાય; પાપી પાવન થાય, ફેર ચોરાશી નાવે; એ ફલ અધીક અમુલ, પરમ પદ પરભુકા પાવે; કહે કવી અમરચંદ સુણાવે સબ સજનકે; જે નીત્ય દરશન જાય માહારાજ મોહન મદનકે. ૨ મદન મોહન માહારાજકે, જે ગુણ નીશદીન ગાય; આધ અંત મધ્ય ઊગરે, પાપતે પરલે થાય; પાપ તે પરલે થાય, ચીત ની-

રમળ હોઇ જાવે; મન બુદ્ધિ અહંકાર, ગુણુ નીશ-
દીન એ હી ગાવે; કહે કવી અમરચંદ ધન હે ત્યા-
કે વદનકે; જે ગુણ નીશદીન ગાય, મહારાજ મો-
હન મદનકે. ૩ એવા પ્રભુ નવ ઓળખે, વસન કરે
નરનાર; તેને મુરખ જાણવાં, જમપુરીના જાનાર;
જમપુરીના જાનાર, વશનમાં બેઠા ચોટી; કહે અ-
ધરમના કરનાર, બનાવે બાતુ ખોટી; કહે કવી
અમરચંદ, એને હવે ઠબકા દેવા; વશન કરે નર
નાર, પ્રભુના ઓળખ્યા એવા. ૪ હોક હરી ભુલા-
વીયા, વટલાવ્યા વરણચ્યાર; બ્રાહ્મણ ક્ષત્રી વાણી-
યા, મુકાવ્યો આચાર, મુકાવ્યો આચાર; પાપમાં
પુરા પેઠા; ચુશે લાળ લબાડ, એક બીજાની
એઠા; કહે કવા અમરચંદ, વીચાર કરયો નહી
લોક; વટલાવ્યા વરણ ચ્યાર, ભુલાવ્યા હરી
પણ હોક. ૫ ઘણા ભેખને ભુલવ્યા, હોક કી-
ધી હાણ, આચારતો ઊઠી ગયો, તનમાં પેઠી
તાણ; તનમાં પેઠી તાણ, જીવને જોખમ ઝાઝુ;
પરભુ સુ તરુઠી પ્રીત, મુરખનું મન તાં જઇ વા-

શું; અમરચંદ કે ધન્ય, તજે તીના મનુષજ્ઞણાને; હોકે કીધી હાણ, ભુલવ્યા ભેખ ઘણાને. ૬ હોકો લઇને હાથમાં, મુરખ રહયો મકલાય; તાણે બેઠો તાનમાં, ધુમાડા મુખ માંય, નીકળે ગોટે ગોટા; લાજ મળે નહી લેશ, કુંણ નાના કુંણ મોટા; કહે કવી અમરચંદ, પછે એ મુકશે પોકા; મુરખ રહયો મકલાય, હાથમાં લઇને હોકો. ૭ હોકો ભાંગને છીકણી, કળજુગ કેરૂ રૂપ, મુરખ તેમાં મોહિયા, મેરી મરદને ભુપ; મેરી મરદને ભુપ, અકલતો જઇ છે ઊડી, ભેખમાં પડી બહુ ભુલ, કેકઇને નાખ્યા કુટી; કહે કવી અમરચંદ, ધણીને થયો છે ધોકો; કળજુગ કેરૂ રૂપ, છીંકણી ભાંગને હોકો. ૮ કલજુગ આયો કોપતો, મારયા માઝન લોક; હોકો આપ્યો હાથમાં, તે વશન વિનાનો ફોક: વશન વીનાનો ફોક, તેં પણ સુધે ચાવે; કરો ધરમની વાત, ઊડતો વાદ અડાવે; કહે કવી અમરચંદ, ફેલ કરે મન ફાવ્યો; મારયા માજન લોક, કોપતો કળ

જુગ આયો.૯ કુડો કળીજુગ આવતાં,ભુલા છે બહુ ભેખ ભાંગ તમાકું છીંકણી,અમલ ખાય અનેક; અમલ ખાય અનેક, ધરમનો ઢંગ ન રાખ્યો; લાજ મળે નહી લેશ, છેડો માથે નાખ્યો; કહે કવી અમરચંદ, ધરમતો ચુકયા રૂડો; ભુલ્યા છે બહુ ભેખ, આવતાં કળીજુગ કુડો. ૧૦ ભેખ સરવે ભુલા પડયા, વાંસે ભુલ્યા લોક; વીગે વસન વળગ્યાં ઘણાં, ફાંફાં મારે ફોક; ફાંફાં મારે ફોક, ગાન લઈ ઉંધુ આપ્યુ, પાંદડે પાણી પાય, મુલ ત્રઇ મધ્યથી કાપુ; કહે કવી અમરચંદ, નહીકઈ મીનકે મેખ; વાંસે ભુલ્યા લોક, પડયા સહુ ભુલ્યા ભેખ. ૧૧ પ્રભુ વસે આ દેહમાં,ઉતમ જોઇ ત્રણ ઠામ; હરદે કપાળને મુખછે, તે ધણા રેવાના ધામ; ધણી રેવાનાં ધામ, તમાકુ ત્યાં લઇ ઘાલી, હરી ખંચેરી હાથ, નીકળા ત્યાંથી ચાલી, કહે કવી અમરચંદ, જોઇને જમ હશા છે; ઊતમ જોઈ ત્રણ ઠામ, પરભુ આ દેહમાં વશા છે. ૧૨ વશન વળુ દ્યો જીવડો, પરભુશું તુટી પ્રીત; પડયો જીવ

જમ જળમાં, રહી નહી રૂડી રીત; રહી નહી રૂડી રીત, પાપમા પુરો વળગ્યો; કરમે મળ્યો કુસંગ હરીથી રાખ્યો અળગો; કહે કવી અમરચંદ, વીચારી જુવો વીબુધે; પ્રભુ શું તરૂઠી પ્રીત, જીવડો વશાન વલુધે. ૧૩ છટકે તાણે છીંકણી, મુરખ ભુલ્યો મરમ; ભરૂગુટીમાં ભગવાન છે, ત્યાં સઊ કહે છે કરમ, ત્યાં સહુ કહેછે કરમ તમાકુ ત્યાં લેઈ ઘાલી; ભાગ્યા ભગવાન, કરમ પણ નીકળ્યાં ચાલી. કહે કવી અમરચંદ, જીવડો ભામે ભટકે; મુરખ ભુલ્યો મરમ છીંકણી તાણે છટકે; ૧૪ ખાય બજર બીડી પીએ, હોકો લીધો હાથ; ચટકે તાણે છીકણી, તે ચાલ્યો નરકના સાથ. ચાલ્યો નરકના સાથ, આદરી કરી આઊધી; કહયું ન માણે કેણ, બળી હવે એની બુદ્ધિ. કહે કવી અમરચંદ, નવરાં એ ન રહે જાય; હોકો લઇને હાથ, બીડી ને બજર જે ખાય ૧૫ હરીજન થઇ હોકો પીએ, ધીક પડયો અવતાર ખાય તમાકુ છીંકણી, મરી જનેતા ભાર. મરી જનેતા

ભાર, વીચારી કાંઇ ન જોએ, ગુરૂને બેસે ગાળ, કાચમાં કંચન ખોએ. કહે કવી અમરચંદ, દે છે મેણાં દુરીજન; ધીક પડયો અવતાર, પીએ હોકા થઈ હરીજન. ૧૬ કોઇ સુંગે છે છીંકણી, કોઇ તમાકુ ખાય; કોઈ બેઠો બીડી પીએ, કોઇ હોકા મુખ માંય. કોઇ હોકા મુખ માંય, કોઇ અમલને લેવે, કોઇ લીલાગર ભાંગ; વશન સરવેને સેવે. કહે કવી અમરચંદ, એની તે શી ગત હોય, કોઇ તમાકુ ખાય, છીંકણી સુંઘે કોએ. ૧૭ મોટા મુરખ મનુષમાં ગધાથી ગુણહીણ; હોકા ભાંગને છીકણી, ઉપર ખાય અફીણ. ઉપર ખાય અફીણ, મનુષનો મરમ તો જાણ્યો, હીરો આવ્યો હાથ્ય, પોતે પથર પ્રમાણ્યો. કહે કવી અમરચંદ, ગુરૂના જ્ઞાનમાં ગોટા; ગધાથી ગુણહીણ મનુષમાં મુરખ મોટા. ૧૮ ખાવા માંડી ખુટલે, ભુંડાં બોલી ભાંગ; વટલ્યા બ્રાહ્મણ વાણીયા, કરૂ ઊઘાડી જાંગ. કરૂ ઊઘાડી જાંગ, વીચારી જો કંઇ જોવે; મોંઘો મનુષા દેહ, ખબર વીનાનો ખોવે.

કહે કવી અમરચંદ, નરકમાં એ બેઠા જાવા; ભું-
ડાબોલી ભાંગ, ખુટલે માંડી ખાવા. ૧૯ મોઢું ભું-
ડું મહરકે, જાણે ખુબ લધુની ખાળ; મુરખ નર માને
નહીં, કઇએ તો ચઢાવે કાળ. કઇક તો ચડાવે કાળ,
આદરી કીરીયા ઊંધી; કહ્યું ન માને કેણ, બળી
હવે એની બુદ્ધી. કહે કવી અમરચંદ, શીદ દુઃખ
દયો છો ડાહું; ખુબ લધુની ખાળ, મહરકે ભુંડું
મોઢું. ૨૦ વાપ્યો અધરમ અતી ઘણો, ગયો ધર-
મનો ઢંગ; જોગી ભોગી ભુલીઆ, કરયો ઘણો કુસં
ગ. કરયો ઘણો કુસંગ, પાપમાં પુરા વળગ્યા જ-
મનું વાધ્યું જોર, હરીથી રાખ્યો અળગો. કહે કવી
અમરચંદ, મોક્ષનોમારગ કાપ્યો; ગયો ધરમનો ઢંગ,
અતીશે અધરમ વાપ્યો. ૨૧ એવો અધરમ જોઇને,
કરીમહારાજેમેહેર; અવની ઊપર આવીઆ, ભગતી
ધરમને ઘેર, ભગતીધરમને ઘેરઅક્ષરથીઆવ્યા સ્વા
મી; થાપ્યો ધરમ કરી ઠીક, કાંઇ નવ રાખી ખામી.
કહે કવી અમરચંદ અલોકીક લેવો લહાવો. કરી

મહારાજે મેહેર જોઇને ધરમ એવો. ૨૨ પેલું પાપ મુકાવીયું, વરતાવ્યા વરતમાન; દીનબંધુ દયા કરી, દીધું દરશન દાન. દીધું દરશન દાન મુરખને મન તો ભાવું; હતા હરીકા જન, ફાવતું તેને આવું. કહે કવી અમરચંદ મોક્ષ તો દેવા વેલું, વરતાવ્યા વરતમાન, પાપ મુકાવું પેલું. ૨૩

જે મુખ ભજીએ રામને, તે મુખ બોલે ભાંડ; ખાય તમાકુ ખાંતથી, તેની રઝળી રાંડ, તેનીરઝળી રાંડ, ઠેકાણે કયાંથી આવે; ગુરૂ વીનાનું જ્ઞાન, પ્રાણીઓ કયાંથી પાવે. કહે કવી અમરચંદ, ગુરૂથી ટળશે એ દુઃખ તે મુખ બોલે ભાંડ, રામને ભજીએ જે મુખ. ૨૪ જેણે હરીને જાણીયા, તેણે તજીયું પાપ હોકો ભાંગ છીકણી, અમલ ન લેવે આપ અમલ ન લેવે આપ, વ્યસનથી વેગળા રેહેવે; લસણ ડુંગળી સોત, તુરત તેને તજી દેવે. કહે કવી અમરચંદ, ચડે નહીં બીજે વેને; તેને તજીયું પાપ, જાણીઆ હરીને જેણે. સાચોસતસંગ જો મળે, થાય પ્ર

ભુની મેહેર; અજાણુ નરને આવડે, પ્રભુ ભજવા-
ની પેર, પ્રભુ ભજવાની પેર, જીવમા જાણે સારી;
કરે નહી કુસંગ, ધરમ વ્રત રાખે ધારી. કહે કવી
અમરચંદ, પડે નહીં કબુ એ કાચો; થાય પ્રભુની
મેહેર, મળે જો સતસંગ સાચો, ૨૬ કુંડળીઆ પુ-
રા કરયા, સંવત ઓગણી ત્રીસ, શ્રાવણ સુદની
સાતમે રખે કરો કોઈ રીસ, રખે કરો કોઈ રીસ,
નથી મેંભુંડુ ભાખ્યું વ્યસન વીશેને વઇસ; દુખમેં
તેનું દાખ્યું; કહે કવી અમરચંદ, સ્વામી સહજાનંદ
મળીયા, સંવત ઓગણી ત્રીસ, કરયા કુંડળીઆ. ૨૭

---

## અથ શ્રી હોકાની ફરીઆદી,

સાખીયો—હાથ જોડીને હોકો બોલ્યોકે ભોગ
મળ્યા છે મારા; વાણીઆ બ્રાહ્મણ વળગી બેઠા,
કયાંથી આવશે આરા. ૧ આરો મારો શે આવશે,
ભુંડાં મારાં ભાગ્ય; તમાકુનો ત્યાગ ના આવ્યો,
ને ઓલાણી નહીં આગ્ય. ૨ વાત સુણીને વ્યસની

બોલ્યા, હોક જોડયા હાથ; અત્યારે તો ઊંઘીરો, વાણે એની વાત. ૩ વાણું વાએ વહેલા ઉઠશું, સળગાવશું આં છાણું; અત્યારે તો ઓલવી નાંખો હમણાં વાશે વાણું. ૪ વાહાણું વાયે વેહેલા ઊઠશો, હોકો મનમાં હારચો; ટાઢમાં મને તાજો કરશે તો, મોત વીનાનો મારચો, ૫ મારચો મને પણ એજ મરશે, એને પાપ થાસે પુરૂં; નરકમાં એને હું લઇ જઇશ, એટલું છે અધુરૂં ૬ વ્યસન કરીને વેહેલા જાશે નરકકે નાગા થઇને; હું વીનાતો હાથ નોતા આવતા, જમ રહ્યાતા રોઇને. ૭ પેલા મુને પાપી પીતા, કરતા કામ જે કુંડા; વાણીએ એની વાટ પડાવી, રાખતા જે રૂડું ૮ રૂડું ધરમ તો રાખી ન શકયા, હોકો લીધો હાથે; પાપ કરીને પેહેલા ચાલ્યા, સઉ પાપીની સાથે. ૯ સાથે પાપી સરવે થઇને, કામ કરે છે કુડું; વાણીઆની હું શી વાત કરૂં, બ્રાહ્મણ કરે છે ભુંડું ૧૦ ભુંડુ કામ તો બ્રાહ્મણકરે છે, ચલમો તાણે છાની; નાત-

ની બીકે નાગા એટલા, વાત કરે છે. વાણીઆની. ૧૧ વાણીએ તો મારી વાટ પડાવી, પાપી પાસેથી લાધો; કાઠી કોળીનું કાંઇ ના ચાલ્યું, ત્યારે હોકો પીવા દીધો.૧૨ સ્વામીનારાયણના સતસંગમાંથી. કોઇને કાઢી મુકયો; વાઠે જતાં વાણીઆ મળ્યા તે, ફોકટ ઝાલીને ફુંકયો. ૧૩ ફુંકયો એટલે ફેલ કરે છે, સઊ નાના ને મોટા પરમેશ્વરનો પાડ નથી પુછતા, ગળામાં ઘાલે છે ગોટા. ૧૪ ગોટામાં એનું જ્ઞાન મુઝાણું, માટે પોકાર કરવો પડે છે; ગોતતાં એને ગોવીંદ ન જડયા, નાગા મુને નડે છે. ૧૫ નડે છે તે નથી જાણતા, મારૂં પરાક્રમ છે મોટું; ધરમનો એને ધાંગો નહી રે ખરૂં એટલું સુજશે ખોટું. ૧૬ ખોટું એટલું ખરૂં સુજશે, હોકે હઇયું ફોટયું; અમરચંદ કહે એ પ્રમાણે, જાણું એટલું જોડયું. ૧૭

॥ પદ રાગ ખમાચ ॥ નરકમાં જાવે રે પ્રાણી, નરકમાં જાવે; વ્યસનમાં વીંટાણો પ્રાણી. નરક૦

ટેક. ૧ કામ વ્યાપે ત્યારે દેહ કાપે, ભોજન ન ભાવે; સુખ સજ્યામાં સુતાં નેણે નીંદ્રા પણ ન આવે. વસ૦ ૧ માતા પિતા સુત નારી બંધવ, સઊ મળીને સમ્જાવે; પ્રીત કરી કોઇ પ્રિછવે તો દેખે દુશમન દાવે. વસ૦ ૨ વ્યસન કરતાં વાર ન લાગે, પણ મુકતાં મુઝાવે; પુરણ પાપ કરીને, નરકે પડયો પસ્તાવે. વસ૦ ૨ સહજ્યાનંદનું સ્મરણ કરતાં, લાજ બહુ લાવે; અમરચંદ કહે આંહીથી ભુલે અંત નહીં આવે. વ્યસન૦ ૪

શી થાશે ગતીરે, તારી શી થાશે ગતી; વસનમા વીટાણો તારી શી થાશે ગતી; ટેક પરનારીની પાછળ ડોલે, કરીને કુમતી; લંપટ થઇને લાજ મેલી, નાક પણ નથી વશ. ૧ ભાંગ ખાવે ને હોકો પીવે, અમલ લે અતી; નરકે જાવા નાવમાં બેઠો, મુરખ મુઢ મતિ. વશ૦ ૨ ખાવા પીવાની ખોટ નથી રાખી એક રતી; તોય એવો અભક્ષ વા, મુરખની મતી. વસ૦ ૩ વીશે વશનથી

વળગારેવા, કરૂં વીનતી; અમરચંદ કહે આ સમે કરો, પુરૂષોતમ પતી. વસં૦ ૪ પદ ૨

માની લ્યો કહયુંરે મારૂ માની લ્યો કહયું, હેત કરી હું કહુંછું તમે માનીલ્યો કહયું. ટેક. લખ ચોરાશી કરતાં આવું તન આવીયું, વીશે વસનમાં વળગી બેઠા, ડાપણકયાં ગયું. હેત૦ ૧ આટલા ફેરા આથડયો તેતો, થાવુ તે થયું; નરકનું ભવજળ તરવાનું નાવ આવીયું હેત૦ ૨ હરી જનની તો હાંસી કરે ને ફેલ ફાવીયું, અધરમનો તો આંક વાળ્યો, બાકી ના રહયું. હેત૦ ૩ સહજાનંદ સુજાણ વાલે, દરશન દીધું, અમરચંદ કહે ઓળખી લ્યો તો, કારજ થઉ હેત૦ ૪ પદ ૩

મુકી દો પરૂરે બીજુ મુકી દો પરૂ. હરી સંઘાતે હેત કરી, ને મુકી દો પરૂ. ટેક. આજકાલમાં ઉઠી જાવું કહેછે હું કરૂં. કાળા મટીને ધોળા થયા, આવ્યું નોતરૂ. હરી સંઘાતે૦ ૧ જનમ મરણનું સંકટ મોહોટું છે ખરેખરૂં; અવધેતો ઊઠી જાવું,

રેહશે સઊ ધરયું. હરી૦ ૨ કાળ માયાનો કુવો મોહેટો, કોએ ન તરયું. ઊલેચતાં તો અંન નહી આવે ભંચને ભરૂ. હરી૦ ૩ સહજાનંદનું સમરણ કરતાં દીલમાં ન ડરૂ. અમરચંદ કહે અમર થાવા વાલાને વરૂ. હરી સંધાતે૦ ૪ પદ૦ ૪

શ્રી સ્વામી સહજાનંદજીનેનમો નમાઃ અથ કીરતન પદ રાગ લાવણી ॥ મુરખ તું મનમાં નહી સમજે, કાયા તારી કુડી છે; સહજાનંદકા સ્મરણ કરી લે, સોહી માયાને મુડી છે. ૧ પ્રભુ ભજન વીના પામર પ્રાણી, એળે જનમ ગમાવે છે; મોઘો દેહ મનુષનો પામી, જમને હાથે જાવે છે. ૨ મહા દુખ મોટું ગરભવાસનું, અનેક વરાંતાંરે આવે છે; ડાહયો થઇ ડાપણ મેં તુતો, વણ સમજે વીખ ખાવ છે. ૩ પામ્યો પણ પઈશો નહી ખરચ્યો, મન માયામાં મોહયું છે; અંતે કોડી કામ ના આવે, વરથા નીર વલોવ્યું છે. ૪ ઊંચે કુળે અવતાર ધરીને, કરમ કરયાં તે જુઠાં છે; હરી ભજન વીના

હારયો બાજી, મેઘ માવઠે વુઠા છે. ૫ આંખ ઊઘાડી જો તું અંધા ધંધામાં શું ધાઓ છે; કુડી માયા કુડી મમતા, સરવે કાચો પાયો છે. ૬ ધરંમને અરથે આ ધરણીપર, પ્રભુ પણ પોતે પધારયા છે; ભગતી ધરમનો મારગ થાપી, અનેક જીવ ઓધારા છે. ૭ અમરચંદ કહે આ અવસર તો સહજાનંદ સુખકારી છે; માની લે મુરખ તું મનમાં, શાખામણ બહુ શારી છે. ૮ પદ ૧

પદ રાગ સોરઠ ા ધન સહજાનંદ કલજુગ વરતાવ્યો; સતજુગ સારને; સંગે લઈ મુની વરંદ, નાલ કરયાં છે કોટી જન નારનો ૧ વાલે ધરમ તણો મારગ થાપ્યો અધરમને સમુળો કાપ્યો; નીજ જનને મોક્ષનો પદ આપ્યો. ધન૦ ૧ વાલે અનેક વાર અવતાર ધરયા, દુષ્ટ મારીને દાસને સુખી કરયા, એથી અલોકીક આજ આંહી વીચરા. ધન૦ ૩ ગુરૂપદ ધરીને પાતક હરીયાં; એતો આજ સમે અક્ષર વરીયા. ધન૦ ૪ વાલો આજ સમે

અઢકળ ઢળીયા, નર નારીને પરગટ મળીયા; કહે અમરચંદ એતો અતી બળીયા. ધન૦ ૫ પદ ૧

સુણો શહેજાનંદ, વીનતડી મારીરે એક ઊર ધારજો; ભાગી ભવ ફંદ અંત સમે આવીને મુને તારજો. ૧ મેંતો તમને સાચા જાણીને, વળગ્યોછું વીસ્વાસ આણીને; કરીશ તે વાત વખાણીને; સુણો૦ ૨ મેં જાણું માતમ અતી મોટું; તમ ચરણે મારૂ ચીતચોટું હવે બીજુ તો લાગે ખોટું, સુણો૦ ૩ તમે સરવે દેવાધી દેવા; સતકાદીક શારખા કરે સેવા; ઇછે તમ ચરણની રજ લેવા. સુણો૦ ૪ એ વાત મુરખને નવ ભાવે, જેમ ખીર સ્વાનને ખવરાવે; કહે અમરચંદ ઊલટી થાવે. સુણો૦ ૫

સમાપ્ત.

# જાહેર ખબર.

| ચોપડીઓનાં નામ તથા | કીંમત. | ચોપડીઓનાં નામ તથા | |
|---|---|---|---|
| ત્રીયારાજની રમુજી વાર્તા. | ૦-૨-૦ | સદેવંત સાવળીંગાની વાર્તા | |
| પદમાવતીની વાર્તા. | ૦-૨-૦ | ગુલબકાવલીની વાર્તા. | |
| પંચ ડંડની વાર્તા. | ૦-૧-૦ | ગજરામારૂજીની વાર્તા. | |
| વાવડી ચસકોની વાર્તા. | ૦-૧-૦ | નંદ બત્રીસીની વાર્તા. | |
| વીક્રમ ચરીત્રની વાર્તા. | ૦-૨-૦ | સ્ત્રી ચરીત્રની વાર્તા. | |
| ચાંપરાજના ગાયન. | ૦-૧-૦ | ભયંકર ભુતાવલી. | |
| સદેવત ગાયન. | ૦-૧-૦ | જાદુપયોગ સંગ્રહ. | |
| ભરથરીના ગાયન. | ૦-૧-૦ | ગુજરાતી ઈંદ્રજાલ. | |
| હરીશ્ચંદ્ર નાટક મોટુ | ૦-૮-૦ | વૈદક સાર સંગ્રહ. | ૦-૪- |
| ભરથરી નાટક મોટુ | ૦-૮-૦ | પાકસાસ્ત્ર. | ૦-૨- |
| આંકનીચોપડીચીત્રવાળીસોના | ૦-૮-૦ | સામુદ્રીક તથા સુકનાવાળી. | ૦-૨- |
| કાવ્ય દોહન મોટું. | ૧-૦-૦ | સુકનાવળી. | ૦-૧- |
| નરસીંહ મેહેતાની હુંડી. | ૦-૧-૦ | આંકની ચોપડી ચીત્રવાળી | ૦-૮- |
| કાષ્ટના ઘોડાની વાર્તા. | ૦-૧-૦ | ચકરાવા નાટકના ગાયન. | ૦-૧-૦ |
| મેના પોપટની વાર્તા. | ૦-૧-૦ | હલામન જેઠવાના ગાયન. | ૦-૧- |
| અબોલા રાણીની વાર્તા. | ૦-૧-૦ | ગોપીચંદના ગાયનો. | ૦-૧- |

આ સીવાય અમારી દુકાનેથી દરેક જાતના ગુજરાતી ઈંગ્રેજી નીશાળોમાં ચાલતી તથા પુસ્તકો તથા કાયદાઓ તથા નાટકો તથા મુસલમાની કીસાઓ વીગેરે મલસે.

**બુકસેલર સાકરલાલ બુલાખીદાસ.**

ઠા. રીચીરોડ મુ. અમદાવાદ.

સરતે જાવની ચોપડીઓ નીચેના ઠેકાણેથી મલસે.

**બુકસેલર ખત્રી પરસોતમ મલજી.**

ઠા. ગુલાબવાડી ત્રીજે ભોઇવાડો રેસમની દુકાને મુ. મુંબઈ.